# ૫ જૂન –૨૦૧૬ (રવિવાર)

**(૧) વિશ્વ પર્યાવરણ દિવસ :**

– યુનાઇટેડ નેશન્સ દ્વારા દર વર્ષે ૫ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાય છે.

(૨) ૧૯૭૪માં પહેલીવાર વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી થઇ હતી.

– યુનાઇટેડ નેશન્સ એન્વાયરમેન્ટ પ્રોગ્રામ આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસે જંગલી જાનવરોના થતા રહેતા શિકારના મુદ્દે ફોક્સ કર્યો છે, એટલે જ આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની થીમ છે.

**(૨) મોહમ્મદ અલી – બોક્ષર :**

– ત્રણ વખતના વિશ્વ વિજેતા અમેરિકાના ધ ગ્રેટેસ્ટ કેસિયસ ક્લે ઉર્ફે મોહમ્મદ અલીનું ૪ જૂનના રોજ અવસાન.

– તેઓને છેલ્લા ૩૦ વર્ષથી પાર્કિન્સનની બિમારી હતી.

– વિસમી સદીના મહાન ખેલાડી ૬૧માંથી ૫૬ મુકાબલા જીત્યા હતા.

– ‘ધ ગ્રેટેસ્ટ’ ના ઉપનામથી જાણીતા અલીએ ૧૯૬૦ રોમ ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડળ મેળવ્યો હતો.

– ૧૯૬૪માં તેણે લિસ્ટનને હરાવી પ્રથમ વર્લ્ડ ટાઇટલ જીત્યું ત્યારબાદ ૧૯૭૪ અને ૧૯૭૮ માં વર્લ્ડ ચેમ્પિયન બન્યા.

**(૪) સંદિપ પાટીલ :**

– બી.સી.સી.આઇ.ના પસંદગી સમિતિના અધ્યક્ષ તાજેતરમાં સંદીપ પાટિલે ભારતીય ટીમના કોચ પદ માટે અરજી કરી.

– આ પદ માટે અરજી કરવાની છેલ્લી તા. ૧૦ જૂન છે.

– સંદિપ પાટિલ ૧૯૮૩ની વર્લ્ડ કપ વિજેતા ટીમના સભ્ય હતા.

– તેમણે ૨૦૦૩ના વર્લ્ડ કપમાં કેન્યા ક્રિકેટ ટીમના કોચ તરીકે ટીમને સેમીફાઇનલ સુધી પહોંચાડી હતી.

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧